This Question Paper contains 8 printed pages.
(Sections - A, B, C & D)

Sl.No. 042742

# 01 (G)

(JUNE, 2025)

Time : 3 Hours] [Maximum Marks : 80

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 56 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A (ગદ્ય) [20]

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) કૃતિ | (બ) કર્તા |
|---|---|
| 1) છત્રી | (અ) વર્ષા અડાલજા |
| 2) વાઈરલ ઈન્ફેક્શન | (બ) રઘુવીર ચૌધરી |
| 3) ભૂલી ગયા પછી | (ક) ગુણવંત શાહ |
| 4) રેસનો ઘોડો | (ડ) રતિલાલ બોરીસાગર |
| | (ઈ) જોરાવરસિંહ જાદવ |



Scanned with OKEN Scanner

બ) **નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [4]

5) ડુંગર અને તેની પત્ની ............... સ્ટેશને ગાડી પકડવા માંગતા હતા.

(રાજપુર, ગાંધીધામ, વરતેજ)

6) મનીષા દેસાઈએ સુરતી કુટુંબને ............ ના હુમલામાંથી બચાવેલું.

(રીંછ, વાઘ, દીપડો)

7) વિનુકાકા વાતવાતમાં હંમેશા કહેતા .............. ઊંચું રાખવું જોઈએ.

(ગન, નિશાન, આનંદ)

8) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ ............... હતો.

(લીલો, રાતો, કાળો)

ક) **નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

9) મનુષ્ય-આત્મા શાના જેવો છે?

10) કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત કોને કહે છે?

ડ) **નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

11) રાજકોટ છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખાઈભરી લાગતી હતી કારણ કે .....

12) કાનજી અને દેવજી બાળકને લઈને ક્યાં જતા હતા? શા માટે?

13) ભગવદ્ ગીતા વિશે ગાંધીજી શો અભિપ્રાય ધરાવે છે?



Scanned with OKEN Scanner

ઈ ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે) [6]

14) મનીષાનું પાત્રચિત્રણ 'ભૂલી ગયા પછી' કૃતિને આધારે લખો.

15) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

16) 'ભૂખથીય ભૂંડી ભીખ' પાઠના આધારે કાળુની મનોવ્યથા આલેખો.

## વિભાગ – B (પદ્ય) [20]

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| 17) શીલવંત સાધુને | (અ) લોકગીત |
| 18) દીકરી | (બ) ઊર્મિકાવ્ય |
| 19) શિકારીને | (ક) ગઝલ |
| 20) ચાંદલિયો | (ડ) ભજન |
| | (ઈ) ગીત |

બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [4]

21) ............... ના દર્શન કરવાથી એકોતેર પેઢી તરી જાય છે.

(વૈષ્ણવજન, અભીમાની, કપટ્ટી)

22) ............. સ્નેહનું ઝરણું છે.

(દીકરી, દેવી, પરી)

23) હું એવો ગુજરાતી કાવ્યમાં કવિ નરસિંહ મહેતાને ........... માટે યાદ કરે છે?

(કવિતા, ભજન, પ્રભાતિયાં)

24) એક બપોરે કાવ્યના કવિ ............ ના વૃક્ષ નીચે બેઠા હતા.

(બોરડી, બાવળ, મહુડી)



Scanned with OKEN Scanner

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[2]**

25) મારગની ધૂળને કવિ શું પૂછે છે?

26) કવિની છાતી શા માટે ગજ ગજ ફૂલે છે?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

27) 'ચાંદલિયો' કાવ્યમાં કાવ્ય નાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

28) 'શિકારીને' કાવ્યમાં કવિ પક્ષીને પામવા શું કરવાનું કહે છે?

29) કવિ ક્યાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે?

**ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

30) 'શિકારીને' કાવ્યમાં કવિ યુવાનને કઈ શિખામણ આપે છે?

31) 'હું એવો-ગુજરાતી' માં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ ક્યાં-ક્યાં કારણોસર અનુભવે છે?

32) વતનથી વિદાય થતા કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ – C (વ્યાકરણ) **[20]**

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. **[1]**

- જીજ્ઞાસા (જીજ્ઞાષા, જીગ્નાશા, જિજ્ઞાસા)
- નિશફળ (નીશફળ, નિષ્ફળ, નિષફળ)

34) રત્ન + આકર શબ્દની સાચી સંધિ જોડો. **[1]**

- (રતનાકર, રત્નાકર, રતનાઆકર)



Scanned with OKEN Scanner

35) 'સૂર્યમંદિર' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

- (દ્વન્દ્વ, ઉપપદ, તત્પુરુષ)

36) નીચે આપેલ બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. [1]

- ઉદર (હાથ, પગ, પેટ)
- ઉંદર (પક્ષી, જીવજંતુ, એકપ્રાણી)

37) "લળી લળીને હેત કરતાં વાંસનાં ઝૂંડનાં ઝૂંડ" વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. [1]

(શ્લેષ અલંકાર, ઉપમા અલંકાર, સજીવારોપણ અલંકાર)

38) 'અભિમાન' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે તે જણાવો. [1]

(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ નહી)

39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

- મુક્ત (પરતંત્ર, આઝાદ, ગુલામી)
- જિહ્વા (મોં, જીભ, કંઠ)

40) 'લાચારી' સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર શોધીને લખો. [1]

(દ્રવ્યવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા )



Scanned with OKEN Scanner

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો. [1]

- ફાંફાં મારવાં

42) નીચે આપેલ કહેવતનો અર્થ જણાવો. [1]

- નહીં ઘરના કે નહીં ઘાટના

43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [1]

- એક સાથે સો વસ્તુઓ યાદ રાખવાની શક્તિ

44) નીચેના શબ્દ માટે વિરોધી શબ્દ લખો. [1]

- નિર્મળ

45) નીચેના વાક્યને કર્મણિમાં ફેરવો. [1]

- બા માથું ઓળે છે.

46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. [1]

- સોમાહું

47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેના પ્રકાર જણાવો. [1]

- ઉઘરાણીએ જઈએ ત્યારે સાથે બે-ત્રણ મિત્રો હોય.



Scanned with OKEN Scanner

48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

- સાહેબ કાંઈ પૂછે તો જવાબ ફટાફટ આપજે.

49) 'કટાક્ષ' શબ્દના ધ્વનિઘટકો (સ્વર અને વ્યંજન) છૂટા પાડો. [1]

50) નીચેના કર્તરિ વાક્યનું પ્રેરક વાક્યમાં રૂપાંતર કરો. [1]

- મહંતે અગ્નિની પૂજા કરી.

51) નીચેની પંક્તિમાં રહેલો છંદ ઓળખાવો. [1]

- હા પસ્તાવો! વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.

52) જે છંદના પહેલા અને ત્રીજા ચરણની 13-13 માત્રા તથા બીજા અને ચોથા ચરણની 11-11 માત્રા હોય તે છંદનું નામ જણાવો. [1]

## વિભાગ – D [20]

**53) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [4]

કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો,

અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

અથવા

આવ નહીં, આદર નહીં, નહીં નયનમાં નેહ;

તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

54) તમારી શાળામાં યોજાયેલ 'શિક્ષક દિન' ની ઉજવણીનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [4]



Scanned with OKEN Scanner

55) નીચે આપેલા ગદ્યખંડને આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

"કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે. એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે, તે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર હોય છે. પરંતુ એના જેવાં જ બીજા કુદરતમાં ઊડતા, ગાતાં પક્ષીઓ જેવું એ સુખી નથી હોતું. જે વ્યક્તિ ઊગતા કે આથમતા સૂર્યનું સૌંદર્ય, ચાંદની, રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતાં ઝરણાનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ, તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન કુદરતમાં સૌંદર્ય અને ભવ્યતાને જોઈને આનંદ વિભોર થઈ જાય છે."

– મોહમ્મદ માંકડ

56) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- આધુનિક યુગનું મહાદૂષણ : પ્રદૂષણ

  મુદ્દા : પ્રસ્તાવના – પ્રદૂષણ એટલે શું? – વિવિધ પ્રકારના પ્રદૂષણ – પ્રદૂષણથી માનવજીવન પર અસર – પ્રકૃતિ પર અસર – ઉપસંહાર.

અથવા

- મોબાઈલના લાભાલાભ

  મુદ્દા : પ્રસ્તાવના – આજનો યુગ – ટેક્નોલોજીનો યુગ – મોબાઈલ ટેક્નોલોજીનું અદ્ભુત સર્જન – મોબાઈલના લાભો – મોબાઈલના ગેરલાભો – સંતાનના હાથમાં મોબાઈલ – મા બાપના માથાનો દુઃખાવો – ઉપસંહાર.

અથવા

- માતૃ પ્રેમ

  મુદ્દા : પ્રસ્તાવના – માતાનો સંતાન માટે ભોગ – માતાનું જીવનમાં મૂલ્ય – મહાપુરુષોના જીવનમાં માતાનો ફાળો – અમૂલ્ય ત્યાગ – ઉપસંહાર.

♦♦♦♦



Scanned with OKEN Scanner